ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનું રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ (NBCFDC) નવી દિલ્હી અને રાષ્ટ્રીય અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ(NMDFC) નવી દિલ્હીની બાકી રકમનું ચૂકવણું કરવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ- પવછ/૧૦૨૦૧૬/૫૨૪૧૮૫/અ૧
સચિવાલય, ગાંધીનગર
તા. ૦૭/૦૬/૨૦૧૮

વંચાણમાં લીધાઃ-

(૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો તા.૧૬/૦૪/૧૮નો પત્ર ક્રમાંકઃ-પવવિનિ/ હિસાબી/૧૮૩/૧૮
(૨) રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમનો તા.૦૩/૦૪/૧૮નો પત્ર ક્રમાંકઃ- NBCFDC /CS/Legal/2018
(૩) માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણાં)ની અધ્યક્ષતામાં તા.૨૫/૦૫/૧૮ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ

આમુખઃ-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના તા.૧૬/૦૪/૧૮ના પત્રથી નિગમે રાષ્ટ્રીય પછાત વર્ગ વિકાસ નિગમનું કુલ ઓવરડ્યુ રૂ.૨૫૯૨.૭૭/- લાખ અને રાષ્ટ્રીય અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમનું કુલ ઓવરડ્યુ રૂ.૫૫૮.૬૦ લાખનું ચૂકવણું કરવા રાષ્ટ્રીય નિગમો દ્વારા અમલમાં મૂકવામાં આવેલ વન ટાઇમ સેટલમેન્ટ (OTS) યોજનાનો લાભ લેવા માટે સદરહુ બંને રાષ્ટ્રીય નિગમોની બાકી રકમની ચૂકવણી કરવા સરકારશ્રીને દરખાસ્ત કરેલ હતી. વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમના તા.૦૩/૦૪/૨૦૧૮ના પત્રથી ગુજરાત

પછાત વર્ગ વિકાસ નિગમના ઓવરડ્યુના Dispute માટે નિવૃત ન્યાયાધીશ શ્રી રાજેશ ટંડન, નવી દિલ્હીની આર્બિટ્રેટર તરીકે નિમણૂક કરવામાં આવેલ છે. સદરહુ બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૩) મુજબ માન.નાયબ મુખ્યમંત્રીશ્રી(નાણાં)ની અધ્યક્ષતામાં તા.૨૫/૦૫ /૨૦૧૮ના રોજ બેઠક મળેલ હતી. જેમાં થયેલ ચર્ચા મુજબ તા.૩૧/૦૩/૨૦૧૮ની સ્થિતિએ NBCFDC નું કુલ ઓવરડ્યુ રૂ.૨૫૯૨.૭૭ લાખ છે. જો ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ (GBCDC) દ્વારા ઓવરડ્યુનું ચુકવણું તા.૦૯/૦૬/૨૦૧૮ સુધીમાં કરવામાં આવે તો ભૂતકાળમાં ચૂકવેલ દંડનીય વ્યાજ સહિત રૂ.૨૮૫.૮૯ લાખ માફ થઇ શકે છે. આ માટે હાલ પુરતા રૂ.૨૩૭૮.૨૨ લાખ NBCFDC ને ચૂકવવાના થાય છે, જે પૈકી રૂ.૭૧.૩૪ લાખ NBCFDC દ્વારા ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને પરત આપવામાં આવશે.

રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ (NBCFDC) ની OTS સ્કીમ મુજબ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનું કુલ રૂ.૫૫૮.૬૦ લાખનું ઓવરડ્યુ છે. NBCFDC ની OTS સ્કીમ મુજબ દંડનીય વ્યાજ તરીકે રૂ.૨૪૬.૧૩ લાખ માફ કરવામાં આવશે. જેથી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમે રૂ.૩૧૨.૪૭ લાખ ચૂકવવાના થાય છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરની ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની તા.૧૬/૦૪/૨૦૧૮ની રાષ્ટ્રીય પછાત વર્ગ વિકાસ નિગમનું કુલ ઓવરડ્યુ રૂ.૨૫૯૨.૭૭/- લાખ અને રાષ્ટ્રીય અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમનું કુલ ઓવરડ્યુ રૂ.૫૫૮.૬૦ લાખનું ચૂકવણું કરવા રાષ્ટ્રીય નિગમો દ્વારા અમલમાં મૂકવામાં આવેલ વન ટાઇમ સેટલમેન્ટ (OTS) યોજનાનો લાભ લેવા માટેની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

વંચાણે લીધેલા ક્રમ (૧) પરની ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની દરખાસ્ત અન્વયે રાષ્ટ્રીય પછાત વર્ગ નાણાં અને વિકાસ નિગમ (NBCFDC) ને તા.૦૯/૦૬/૨૦૧૮ સુધીમાં ખરેખર ચૂકવવાપાત્ર થતી રકમ રૂ.૨૩,૭૮,૨૨,૫૭૩/- (અંકે રૂપિયા ત્રેવીસ કરોડ અઠ્યોતેર લાખ બાવીસ હજાર પાંચસો તોત્તેર પુરા ) અને રાષ્ટ્રીય અલ્પસંખ્યક વિકાસ અને નાણાં નિગમ (NMDFC) ને ખરેખર ચૂકવવાપાત્ર થતી રકમ રૂ.૩,૧૨,૪૭,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ કરોડ બાર લાખ સુડતાલીસ હજાર પુરા) એમ બંને રાષ્ટ્રીય નિગમોની ખરેખર ચૂકવવાપાત્ર કુલ રકમ રૂ.૨૬,૯૦,૬૯,૫૭૩/- (અંકે રૂપિયા છવ્વીસ કરોડ નેવું લાખ ઓગણસીત્તેર હજાર પાંચસો તોત્તેર પુરા) ગુજરાત પછાત વર્ગ નિગમ પાસે ઉપલબ્ધ ભંડોળ શેરમુડી રૂ.૧૩૭૩.૦૦ લાખ, રીકવરીની રકમ રૂ.૫૭૧.૦૦ લાખ અને સમાન ફાળાની રકમ રૂ.૪૧૨.૦૦ લાખ એમ કુલ મળી રૂ.૨૩,૫૬,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રેવીસ કરોડ

છપ્પન લાખ પુરા) માંથી ચૂકવવાની આથી મંજૂરી આપવામાં આવે છે. રાષ્ટ્રીય નિગમોને ચૂકવવાપાત્ર બાકી રહેતી રકમ રૂ.૩,૩૪,૬૯,૫૭૩/- (અંકે રૂપિયા ત્રણ કરોડ ચાંત્રીસ લાખ ઓગણસીત્તેર હજાર પાંચસો તોત્તેર પુરા) રાજ્ય સરકાર તરફથી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને રાષ્ટ્રીય નિગમોને ચૂકવણું કરવા નીચેની શરતોને આધિન લોન તરીકે મંજૂર કરવામાં આવે છે.

શરતો :

(૧) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમે તેઓને લોન પેટે મંજૂર થયેલ રકમ રૂ.૩,૩૪,૬૯,૫૭૩/- (અંકે રૂપિયા ત્રણ કરોડ ચાંત્રીસ લાખ ઓગણસીત્તેર હજાર પાંચસો તોત્તેર પુરા) હાલ ઓથોરાઇઝેશન (Authorisation) દ્વારા મેળવી, વર્ષ ૨૦૧૮-૧૯ના સુધારેલ અંદાજોમાં જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૨) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમે તેના લાભાર્થીઓ પાસેથી બાકી રહેતી વસુલાત અંગે સઘન કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

(૩) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમે તા.૦૯/૦૬/૨૦૧૮ સુધીમાં બંને રાષ્ટ્રીય નિગમોને ચૂકવણું કરી દેવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૧/૦૬/૨૦૧૮ અને સરકારશ્રીની તા.૦૫/૦૬/૨૦૧૮ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટરશ્રી,
ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ
ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:

- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન.નાયબમુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, (ના.વિ).ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ..ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી(સાન્યા), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલયાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાધીનગર .
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, (કોમ્પ્યુટર સેલ) સા.ન્યા. અને અધિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટમાં અપલોડ કરવા માટે.
- સિલેકટ ફાઇલ. ૨૦૧૮